



# સંસાર કે સંન્યાસ?

ચિદાનંદમયી માની નિશ્રામાં કેટલાંક લોકો બેઠાં હતાં. ધર્મ, અધ્યાત્મ, ઈશ્વર અને સંસારવિષયક કેટલીક વાતો થઈ રહી હતી. વાતાવરણ આહ્લાદક અને સભરતાનો અનુભવ કરાવતું હતું. કેટલાંક જણ પ્રશ્નો પૂછી પોતાની જિજ્ઞાસાને સંતોષી, જીવનની સમસ્યાઓ અંગે માર્ગદર્શન મેળવી રહ્યાં હતાં. મા સૌને પ્રેમથી સમજાવી રહ્યાં હતાં. એવામાં એક સન્નારીએ પ્રશ્ન પૂછ્યોઃ ‘‘મા, હું સંસાર સ્વીકારું કે સંન્યાસ?’’

માએ તત્ક્ષણ જવાબ આપ્યોઃ ‘સંસાર’.

પેલાં સન્નારીએ પોતાની ઈચ્છા વ્યકત કરતાં કહ્યું કે, ‘‘મા, મારી ઈચ્છા તો સંન્યાસ ધારણ કરવાની છે જેથી હું ઈશ્વરની ભક્તિ કરી શકું.’’

માએ કહ્યુંઃ ‘બેટા, ઈશ્વરની ભક્તિ કરવા સંસાર છોડવાની જરા પણ જરૂર નથી. સંસારમાં રહીને પણ ઈશ્વરની ભક્તિ કરી શકાય છે. સંન્યાસ શું છે? તે સમજો. સંન્યાસ એટલે બધી જ જવાબદારીથી વિમુખ થઈને માત્ર ભક્તિમાં લીન થઈ જવું. પણ એ સામાન્ય મનુષ્ય માટે યોગ્ય નથી. બેટા, સંસાર ઈશ્વરનું જ સર્જન છે. સ્ત્રી અને પુરુષ સંસારરથનાં બે ચક્રો છે. સૃષ્ટિના સંચાલનમાં પુરુષ અને પ્રકૃતિ મહત્ત્વનાં બે પરિબળો છે. આથી સંસારત્યાગ કરવો એ ઈશ્વરની અવગણના કરવા બરાબર છે એમ મારું માનવું છે. હવે તું જ કહે, બેટા, તારે તો ઈશ્વરની ભક્તિ કરવી છે. એ ભક્તિ કરવા તું ઈશ્વરની અવગણના કઈ રીતે કરી શકે?’’

‘‘મા, ભક્તિ કરવા માટે સંસાર અવરોધરૂપ નહીં થાય?’’ સન્નારીએ વળતો પ્રશ્ન કર્યો.

‘‘બેટા, સંસારમાં અવરોધ, વિરોધ, વિવાદ, વિખવાદ તો છે જ પણ એ પાર કરવામાં જ મનુષ્યનાં ખમીર, ખુમારી વર્તાય છે. ભક્તિ કરવા માટે તું સૌ પ્રથમ તો તારા જે કોઈ ઈષ્ટ હોય તેની શરણાગતિ સ્વીકારીને શ્રધ્ધાપૂર્વક તેનાં જપ, ધ્યાન, સ્તોત્રપઠન- તને જે રુચે તે, તારા દૈનિક ક્રમમાં વણી લે. તારા જીવનમાં બને એટલી વહેલી સવારે તેની ઉપાસનામાં સમય વિતાવ. તને એવો જો સમય ન મળે તો તને અનુકૂળ પડે તે સમય નક્કી કરી નિત્ય નિયમિત ઉપાસના કરવાનો ક્રમ નક્કી કર.

ધારો કે તું કોઈ સમય ન ફાળવી શકે એમ હોય તો હરતાં-ફરતાં, કામ કરતાં સતત ઈષ્ટનું સ્મરણ કર્યે જા. તેનામાં શ્રધ્ધા રાખ. તારા જીવનરથના સારથિ તું તારા ઈષ્ટને બનાવી દે. તારી સઘળી જવાબદારી તું એમને સોંપી દે. તારા જીવનની, તારી, તારા પતિ-બાળકોની સમસ્યાઓ તું એમને સોંપી દે. મનોમન એમને કહેતી રહે. મનોમન એમની સાથે વાર્તાલાપ કર. તને જવાબ મળશે જ. તને ઉકેલ મળશે જ. પ્રેરણા મળશે જ. તને અંદરથી જ એમ થશે કે હું આમ કરું. આમ જાઉં તો મને ઉકેલ મળશે. તું અનુભવશે કે તારા જીવનમાં ઘણી રીતે સફળતા, સરળતા, સમૃદ્ધિ, શાંતિ, આનંદ આવતાં જશે. તને થશે જ કે ઈશ્વર મારી સાથે છે. મારું આ કાર્ય ઈશ્વરની કૃપા અને શક્તિથી પરિપૂર્ણ થયું. આથી તું તારા મનથી વધુ ને વધુ ઈશ્વરની અનુભૂતિ કરતી જશે.’’

**તારા જીવનરથના સારથિ તું તારા ઇષ્ટને બનાવી લે. તારી સઘળી જવાબદારી તું એમને સોંપી દે. તારા જીવનની, તારી, તારાં પતિ-બાળકોની સમસ્યાઓ તું એમને સોંપી દે. મનોમન એમને કહેતી રહે. મનોમન એમની સાથે વાર્તાલાપ કર. તને જવાબ મળશે જ. તને ઉકેલ મળશે જ. પ્રેરણા મળશે જ**

‘‘તો શું મા, સન્યાસમાં આ અનુભૂતિ નહીં થાય?’’ સન્નારીએ ફરી પ્રશ્ન કર્યો.

‘‘થાય, બેટા થાય. પણ આપણા સામાન્ય મનુષ્ય માટે સંન્યાસ લેવો કઠીન છે. એમાં તમે કેવળ ઈશ્વરનું જ ધ્યાન, જપ, નામસ્મરણ કરતાં રહો છો. પણ સંન્યાસ જવાબદારીથી વિમુખ રહેવાનો ઉપક્રમ છે. સંન્યાસ માતા, પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, બાળકો અને સૌ સગાં-સંબંધી, મિત્રોથી વિમુખ બનાવે છે. સમાજથી વિમુખ બનાવે છે. મારી દૃષ્ટિએ તો સંન્યાસ એક પ્રકારની ભાગેડુવૃત્તિ છે. સાચું કહું તો જીવનનો સંઘર્ષ, વિરોધ, અવરોધ, વિવાદ, વિખવાદ તમારા વ્યક્તિત્વને તેજસ્વી બનાવે છે. તમારામાં ખમીર, ખુમારીનો નિખાર લાવે છે. સંસાર અને સંસારના સંઘર્ષની આ બહુ મોટી સફળતા અને સિધ્ધિ છે. તમારાં સગાં-સંબંધી મિત્રોના વર્તુળમાં તમારા સ્વાનુભવો કહેવાની હિંમત અને સજ્જતા મેળવશો. આ બધું સ્વાનુભવનો વિષય છે. પ્રાપ્તિ છે. એ સ્વાનુભવે જ સમજાશે.’’ માએ વિગતે સમજણ આપી.

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

# સાધકને બાધક

સંસ્કૃત મૂળ શબ્દ સાધુ પરથી સાધના શબ્દ આવ્યો છે જેનો અર્થ સીધા લક્ષ્ય તરફ આગળ વધવું, જે માટે તપસ્યા, સતત પ્રયત્ન, સિદ્ધિ વગેરે શબ્દો પણ વપરાય છે. સાધના અનેક પ્રકારની હોય છે જેમ કે યોગ સાધના, મંત્ર સાધના, તંત્ર સાધના, યંત્ર સાધના, ધ્યાન, જપ, ભક્તિ, સ્વાધ્યાય, અભ્યાસ એ પણ સાધનાના પ્રકાર ગણાય. સાક્ષીભાવે જોવું અથવા કર્મ કરવું એ પણ સાક્ષી સાધના કહેવાય. કાર્યસિદ્ધિ માટે કરવામાં આવતો કઠીન પરિશ્રમ ઘણી વાર સારા હેતુ માટે નહીં પરંતુ કોઈના અહિત માટે સાધના કરવામાં આવતી હોય છે. કોઈ પણ સાધના કરનાર સાધક દિવસે તમારી સામે ગળ્યા કે મસાલેદાર આહાર મૂકવામાં આવે ત્યારે જીભની કસોટી થાય. આવી જાત જાતની કસોટીનો સામનો કરવો પડે. આ બધાથી બચવા ત્યાગી બની જવું. સાધનાપથ પર આગળ વધતા સાધકને દેવતાઓ દ્વારા અવરોધનો સામનો કરવો પડી શકે, આસુરી શક્તિઓ સાધકની સાધના ખંડિત કરવા જાત જાતના ઉપદ્રવ, ડર, ભય ઊભા કરે છે. જ્યારે કોઈ પણ સાધનામાં સાધક આગળ વધે એટલે તેનો પ્રભાવ વધતો હોય છે ત્યારે દેવી-દેવતા સાધકના માર્ગમાં અડચણો ઊભી કરે છે. જેમ કે કામદેવના પ્રબળ પ્રભાવથી વિશ્વામિત્ર ઋષિનો તપોભંગ થયો હતો. નારદજી અહંકારથી



તરીકે ઓળખાય છે. સાધના દરમિયાન સાધક સામે જાતજાતની બાધા, અવરોધ આવતા હોય છે. તેવા સંજોગોમાં સાધકે સાવધાનીપૂર્વક સાધનાના માર્ગે આગળ વધવાનું હોય છે. જ્યારે પણ ઈષ્ટની પ્રીતિ પ્રાપ્તિ માટે કોઈ નિયમ લેવામાં આવે ત્યારે તે નિયમનો કોઈ ને કોઈ રીતે ભંગ કરવા ઘર, પરિવાર, સમાજ પ્રયાસ કરે છે. દાખલા તરીકે અગિયારસના દિવસે કંઈ પણ ખાઈશ નહીં એવો નિયમ લીધો હોય તો કોઈક ને કોઈક તો કહેશે કે થોડું ખાવામાં શું જાય, ફરાળી ખાઈ લો એમ કહી કંઈક ને કંઈક વાનગી સામે ધરી દે અને ખાવા માટે આગ્રહ કરે એટલે જે નિયમ રાખો તે ગુપ્ત રાખો, બોલ બોલ કરીને જાહેર નહીં કરો. નિયમ ભંગ, સંકલ્પ ભંગ સાધકનું આત્મબળ ઘટાડે છે. માળા પણ ગૌમુખીમાં રાખીને જપો. સાધનાનું પ્રદર્શન નહીં કરો કે મેં આટલી માળા કરી. ભક્તિ, સાધના ગુપ્ત રાખવી હિતાવહ હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ નિયમપૂર્વક જીવન જીવતો હોય અને જે દિવસે તેનો નિયમ તૂટે તો તે વ્યાકુળ બની જાય છે. સાધકે મસ્ત હાથીની જેમ રહેવું જોઈએ. કોઈ સારું, નરસું સંભળાવે, ટોણા મારે તો એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવું. આપણી સાધનામાં જ એક ચિત્તે વ્યસ્ત રહેવું જાત જાતની સિદ્ધિઓનું પ્રલોભન કથિત તાંત્રિક, માંત્રિક દ્વારા આપવામાં આવે તો લાલચમાં પડવા કરતાં સાત્ત્વિક સાધનામાં વ્યસ્ત રહેવું. ક્યારેક સાધુસંતો દ્વારા પણ કસોટી કરવામાં આવતી હોય છે જેમ કે એક એક વર્ષની મુદતનું વ્રત લઈ અઠવાડિયાના અમુક દિવસે ગળ્યું નહીં ખાવું કે મસાલેદાર નહીં ખાવું તો તે જ

**જ્યારે કોઇ વ્યક્તિ નિયમપૂર્વક જીવન જીવતો હોય અને જે દિવસે તેનો નિયમ તૂટે તો તે વ્યાકુળ બની જાય છે. સાધકે મસ્ત હાથીની જેમ રહેવું જોઇએ. કોઇ સારું, નરસું સંભળાવે, ટોણા મારે તો એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવું. આપણી સાધનામાં જ એક ચિત્તે વ્યસ્ત રહેવું જાત જાતની સિદ્ધિઓનું પ્રલોભન કથિત તાંત્રિક, માંત્રિક દ્વારા આપવામાં આવે તો લાલચમાં પડવા કરતાં સાત્ત્વિક સાધનામાં વ્યસ્ત રહેવું**

ઘાયલ થયેલા. આ બધાથી બચવા આપણા ઈષ્ટદેવ પ્રત્યે સંપૂર્ણ આસક્તિ અને પ્રીતિ રાખવામાં આવે તો દેવતાઓની પ્રતિકૂળતા પણ અનુકૂળતામાં ફેરવાઈ જશે. સદગુરુનું સાંનિધ્ય, સમર્થ સાચા સંતનો અનુગ્રહ, ઈષ્ટદેવ પ્રત્યે એકનિષ્ઠ અને સાચો પ્રેમ, નિષ્કામ, સાત્ત્વિક સાધના સાધકને ઈષ્ટની પ્રાપ્તિ કરાવી શકે. ઘણી વાર આપણા પોતાના જ વ્યક્તિઓ, પરિવાર દ્વારા વિરોધ ઊભો થાય છે ત્યારે એ સત્ય હંમેશાં યાદ રાખવું કે હરિ કે ભગવાન સિવાય દુનિયામાં આપણું કોઈ નથી. મોહમાયા જૂઠી છે. માત્ર હરિ આપણો છે જે ભવસાગર પાર કરાવે. સાધક જો તેની સાધનાને અવરોધરૂપ પરિબળોનો સફળતાથી મુકાબલો કરે તો સાધક ઈચ્છિત લક્ષ્યની પ્રાપ્તિ કરી શકે. ‘ઈદં ન મમ.’

ધર્મ મર્મ
શ્રીજીવ વ્યાસ